# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-08-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે 6 વાગીને 45 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PREZ ADDRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ 79-મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ આજે રાષ્ટ્રને સંબોધિત કરશે. તેમનું સંબોધન સાંજે સાત વાગ્યાથી આકાશવણીના તમામ રાષ્ટ્રીય નેટવર્ક પર પ્રસારિત કરાશે. આકાશવાણીના પ્રાદેશિક નેટવર્ક પર રાત્રે સાડા નવ વાગ્યે પ્રાદેશિક ભાષાઓમાં તેમના સંબોધનનું પ્રસાર કરાશે.

દૂરદર્શનની તમામ ચેનલ પર પણ હિન્દી અને પછી અંગ્રેજી ભાષામાં રાષ્ટ્રપતિશ્રીના સંબોધનનું પ્રસારણ કરાશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનના પ્રસારણ બાદ દૂરદર્શનની પ્રાદેશિક ચેનલ્સ દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં પણ તેનું પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMP ANNOUNCEMENT

## એક અગત્યની જાહેરાત

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સ્વતંત્રતા પર્વની પૂર્વસંધ્યાએ આજે સાંજે સાત વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કરશે. તેને લઈ આકાશવાણીના અમદાવાદ-

વડોદરા કેન્દ્ર પરથી આજે સાંજના પ્રાદેશિક સમાચાર 7.10 વાગ્યાની જગ્યાએ 6.45 વાગ્યે પ્રસારિત કરાશે.

જ્યારે આવતીકાલે સવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધિત કરશે. તેના કારણે સવારના પ્રાદેશિક સમાચાર 7.10 વાગ્યાની જગ્યાએ 6.45 વાગ્યે પ્રસારિત કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CM ADDRESS

79મા સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાંજે રાજ્યના નાગરિકોને પ્રજાજોગ સંદેશ પાઠવશે. આ પ્રજાજોગ સંદેશનું વિવિધ ટીવી ચેનલ પરથી સાંજે સાડા 6 વાગ્યાથી જ્યારે આકાશવાણી પર 9 ને 15 કલાકે પ્રસારણ કરાશે. જ્યારે ડીડી ગીરનાર ચેનલ પરથી આવતીકાલે સવારે 9 કલાકે પ્રસારિત થશે.

. . . . . . . . . . .

# PRESIDENT MEDAL

સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે રાષ્ટ્રપતિ ચંદ્રકોની જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય પોલીસ દળના 23 પોલીસ અધિકારી-કર્મચારીઓને રાષ્ટ્રપતિનાં ચંદ્રક જાહેર કરાયા છે. તેમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો-ACBના નિયામક IPS પિયુષ પટેલ, ઇંટેલિજન્સના ADGP મુકેશ સોલંકીને વિશિષ્ટ સેવા અંગેના ચંદ્રક જાહેર કરાયા. જ્યારે અમદાવાદ શહેર ગુના શાખાના JCP

શરદ સિંઘલ, સુરત સેક્ટર-2ના JCP કે.એન.ડામોર અને સુરત શહેર ઝોન-5ના ACP આર.પી બારોટ સહિત 21 અધિકારી-કર્મચારીને પ્રશંસનીય સેવા અંગેના ચંદ્રકો જાહેર કરાયા.

. . . . . . . . . . .

# STATE HAR GHAR TIRANGA

'હર ઘર તિરંગા–હર ઘર સ્વચ્છતા' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી એક લાખ 20 હજારથી વધુ શાળા–કોલેજોના 22 લાખ 40 હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર આ વિદ્યાર્થીઓ ચિત્રકલા, રંગોળી, પત્રલેખન, ક્વીઝ, વેશભૂષા, મહેંદીની સ્પર્ધામાં જોડાયા હતા.

તિરંગા યાત્રાને વધુ સફળ બનાવવા માટે અંદાજે 50 લાખથી વધુ તિરંગાનું વિતરણ કરાયું છે. 8 થી 12 ઓગસ્ટ દરમિયાન તિરંગા સાથે સેલ્ફી કાર્યક્રમમાં 5 લાખ 45 હજારથી વધુ નાગરિકો, સ્વચ્છતા ઝુંબેશમાં 5 લાખ 37 હજારથી વધુ તેમજ તિરંગા યાત્રામાં 16 લાખથી વધુ એમ કુલ મળીને 26 લાખથી વધુ નાગરિકો જનભાગીદારીથી જોડાયા. રાજ્યમાં યોજાયેલી તિરંગાયાત્રામાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મંત્રીઓ પણ જોડાયા હતા.

. . . . . . . . . . .

# HAR GHAR TIRANGA - DISTRICT

રાજ્યના વિવિધ જિલ્લામાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા જિલ્લા પ્રભારી મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા યોજાઈ. જવાહર પોલીસ પરેડ ગ્રાઉન્ડથી કલેકટર કચેરી સુધીની આ તિરંગા યાત્રામાં ચોમેર લહેરાતા તિરંગાઓએ દેશભક્તિનો માહોલ સર્જ્યો હતો.

સાબરકાંઠાના વિજયનગર તાલુકાનાં ચીતરીયા ગામે તિરંગા યાત્રાનું આયોજન કટયું હતું. યાત્રામાં ગામના સરપંચ, મહિલાઓ, શાળાના બાળકો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા અને ભારત માતા કી જય ના નારાઓ ગુંજી ઉઠયા હતા.

ભુજમાં પણ દેશભક્તિના માહોલ સાથે તિરંગા યાત્રા યોજાઇ હતી.

. . . . . . . . . . .

# FOOD AND DRUGS

સાતમ-આઠમના તહેવારને લઈને ખોરાક અને ઔષધ નિયમન તંત્રે વિશેષ ઝુંબેશમાં મીઠાઇ-ફરસાણના 500 વિવિધ એકમોમાં દરોડા પાડ્યા, જેમાં 800 વધુ નમૂના એકત્ર કર્યા. નાગરિકોનું આરોગ્ય જોખમાય નહીં તેના માટે આ ઝુંબેશ હાથ ધરાઇ હોવાનું ખોરાક અને ઔષધ કમિશ્નર ડોક્ટર એચ.જી કોશિયાએ જણાવ્યુ.

(બાઈટ: એચ.જી કોશિયા- ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશનર)

. . . . . . . . . . .